For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સાયબર ફ્રોડ નોંધાવાની ગતિ સામે સાયબર ક્રાઇમ એસીપી સહિત ટીમની ભેદ ઉકેલવામાં મંદ ચાલતી કાર્યવાહી

# વડોદરામાં રોજ નવી ફરિયાદો, સાયબર ક્રાઈમની તપાસ અને ડિટેક્શન સામે ઉઠ્યા સવાલો..!

**નવી મોડસ** ઓપરેન્ડીથી લાખો-કરોડોની છેતરપિંડી, ઓનલાઇન ફ્રોડની ફરિયાદો વચ્ચે ડિટેક્શનનો આંકડો ચર્ચામાં

**પૈસાની** ટ્રેલ ઝડપથી ટ્રેસ કરી એકાઉન્ટ ફ્રીઝ કરાવવું જરૂરી, કેટલીક અરજીઓની તપાસમાં વિલંબના આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરા શહેરમાં સાયબર ઠગાઈના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. સાયબર ઠગો નવી-નવી મોડસ ઓપરેન્ડી અપનાવી નાગરિકોને લાખો-કરોડો રૂપિયાનું નુકસાન પહોંચાડી રહ્યા છે. બીજી તરફ નોંધાયેલા ગુનાઓની સરખામણીએ ડિટેક્શનનું પ્રમાણ ઓછું હોવાની ચર્ચા વચ્ચે સાયબર ક્રાઇમ પોલીસની કામગીરી સામે પણ સવાલો ઊઠી રહ્યા છે.

સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં ઓનલાઇન છેતરપિંડી, રોકાણના નામે ફ્રોડ, ડિજિટલ અરેસ્ટ, APK ફાઇલ, સોશિયલ મીડિયા સહિતના વિવિધ માધ્યમથી થતી છેતરપિંડીની ફરિયાદો નોંધાઈ રહી છે. વધતા સાયબર ગુનાઓને કારણે પોલીસ માટે પણ આવા કેસોમાં ઝડપી તપાસ અને આરોપીઓ સુધી પહોંચવાનો પડકાર ઊભો થયો છે. સૂત્રોના જણાવ્યા મુજબ કેટલીક અરજીઓની તપાસમાં વિલંબ થતો હોવાના આક્ષેપો વચ્ચે ફરિયાદદારોમાં અસંતોષ જોવા મળતો હોવાની ચર્ચા છે.

સાયબર છેતરપિંડીના કેસોમાં ફરિયાદ નોંધાયા બાદ સૌથી મહત્વનું પાસું નાણાંની ટ્રાન્ઝેક્શન ટ્રેલ શોધવાનું હોય છે. ઠગાઈની રકમ કયા ખાતામાં ટ્રાન્સફર થઈ, ત્યારબાદ કયા ખાતામાં ગઈ અને કોના દ્વારા ઉપાડવામાં આવી તેની તપાસ ઝડપથી કરવામાં આવે તો રકમ ફ્રીઝ કરાવવાની શક્યતા રહે છે. સાથે જ ડિજિટલ પુરાવા એકત્ર કરી આરોપીઓ સુધી પહોંચવું પણ તપાસનું મહત્વનું પાસું બને છે.

આ દરમિયાન નોંધાયેલા કેસોની સામે ઝડપી ડિટેક્શન નહીં થતું હોવાની ચર્ચા વચ્ચે સાયબર ક્રાઇમની કામગીરી અંગે સવાલો ઉઠી રહ્યા છે. વધતા ગુનાઓને ધ્યાનમાં રાખીને પેન્ડિંગ અરજીઓનો ઝડપી નિકાલ, નાણાકીય ટ્રેલનું સમયસર વિશ્લેષણ અને આરોપીઓ સુધી પહોંચવા માટે વધુ અસરકારક તપાસની જરૂરિયાત વ્યક્ત થઈ રહી છે. સાયબર ક્રાઇમના ઉચ્ચ અધિકારીઓ દ્વારા ડિટેક્શન વધારવા અને પેન્ડિંગ અરજીઓના નિકાલ માટે કયા પગલાં લેવામાં આવી રહ્યા છે તે અંગે પણ ચર્ચા ચાલી રહી છે.

### ઠગોએ ડ્રેસનો ઓર્ડર આપવાના બહાને શરૂઆતમાં રૂ.૨,૯૪૯ પડાવ્યા

## ઈન્સ્ટા પર ડ્રેસની જાહેરાત જોઈ ઓર્ડર કર્યો રિફંડના બહાને મહિલા વેપારી રૂ.૯૨ હજારની ઠગાઈ

**વોટ્સએપ** પર સંપર્ક કરી બે ડ્રેસનો ઓર્ડર લીધો, બાદમાં ગૂગલ-પે મારફતે રકમ પડાવી લીધી




(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં રહેતી સાડી વેચાણ કરતી મહિલાને ઈન્સ્ટાગ્રામ પર આવેલી ડ્રેસની જાહેરાત મારફતે સાયબર ઠગાઈનો ભોગ બનાવ્યાની ફરિયાદ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ઠગોએ ડ્રેસનો ઓર્ડર આપવાના બહાને શરૂઆતમાં રૂ.2,949 પડાવ્યા બાદ પાર્સલ નહીં મોકલી 'રિફંડ' આપવાના બહાને વધુ રૂ.92 હજાર ઉપાડી લીધા હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરવામાં આવ્યો છે.

પાણીગેટ પોલીસમાં કલ્પનાબેન કહારે નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.6 સપ્ટેમ્બરે તેઓ ઘરે મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામની રીલ્સ જોઈ રહ્યાં હતાં ત્યારે ડ્રેસની જાહેરાત જોવા મળી હતી. જાહેરાતમાં આપેલા વોટ્સએપ નંબર પર સંપર્ક કરતાં સામેવાળાએ 'VASTRA OFFICIAL' નામની આઈડી પરથી વિવિધ ડ્રેસના ફોટા મોકલ્યા હતા. મહિલાએ બે ડ્રેસ પસંદ કરતાં રૂ.2,949નું પેમેન્ટ કરાવાયું હતું.

પેમેન્ટ બાદ ત્રણથી પાંચ દિવસમાં પાર્સલ પહોંચશે તેમ જણાવાયું હતું, પરંતુ પાર્સલ ન આવતા સંપર્ક કર્યો હતો. બાદમાં ઓર્ડર કેન્સલ થયો હોવાનું કહી પૈસા પરત આપવા 'મેનેજર'નો ફોન આવશે તેમ જણાવાયું હતું. તા.15 સપ્ટેમ્બરે અજાણ્યા નંબર પરથી ફોન કરી ગૂગલ-પેમાં રૂ.1 મોકલી તે રકમ પરત મોકલવા અને પાસવર્ડ નાખવા જણાવાયું હતું. ત્યારબાદ અલગ-અલગ રીતે વધુ રકમ ટ્રાન્સફર કરાવી હતી. અંતે બેંક બેલેન્સ તપાસતાં રૂ.92 હજાર ઉપડી ગયાનું જણાયું હતું. મહિલાએ તાત્કાલિક 1930 સાયબર હેલ્પલાઈન પર ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### પિતાના નામે ફોન કરી શાસ્ત્રોત ગામની યુવતી પાસેથી રૂ.૯૬ હજાર ખંખેર્યા

વડોદરા તા.29: કરજણ તાલુકાના સાંસરોદ ગામે યુવતી સાથે સાયબર છેતરપિંડીનો બનાવ બન્યો છે. અજાણ્યા શખ્સે યુવતીને ફોન કરી પોતાની ઓળખ યોગેશ તરીકે આપી હતી અને તેના પિતાએ યુવતીના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરવાનું કહ્યું હોવાનું જણાવ્યું હતું. બાદમાં આરોપીએ યુવતીના મોબાઇલ પર રૂપિયા ટ્રાન્સફર થયાના ખોટા ટેક્સ્ટ મેસેજ મોકલી વધારાના રૂપિયા આવી ગયા હોવાનું જણાવી પરત મોકલવા કહ્યું હતું. આથી યુવતીએ ગૂગલ પેથી રૂ.96 હજાર ટ્રાન્સફર કરી દીધા હતા. જોકે બાદમાં છેતરપિંડી થયાનું જાણવા મળતાં 28 સપ્ટેમ્બરે વલણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### દૈનિક ૧૪૫ એમએલડી ઉપાડ જાળવી રાખવા કોર્પોરેશનની મથામણ

## આજવા સરોવરની સપાટી ઘટીને ૨૦૯.૫૦ ફૂટે પહોંચી : ઓછો વરસાદ જવાબદાર

**ઓછું** પાણી થતાં ગ્રેવિટી પુરવઠા બાદ પોન્ટૂન પંપિંગ સિસ્ટમનો ઉપયોગ કરી નગરજનોને નિરંતર પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન



(પ્રતિનિધિ) વડોદરા તા.29

ચોમાસામાં અપેક્ષાકૃત ઓછો વરસાદ નોંધાતા વડોદરા શહેરની મુખ્ય જળસપ્લાયનો આધાર એવા આજવા સરોવરની જળસપાટીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. હાલમાં સરોવરમાં પાણીનું લેવલ 209.50 ફૂટ સુધી પહોંચી ગયું છે. ચોમાસાની વિદાય સમયે જળસપાટીમાં ઘટાડાને પગલે વડોદરા મહાનગરપાલિકાએ આગામી સમયમાં પીવાના પાણીના પુરવઠાને અસર ન થાય તે માટે આગોતરું આયોજન શરૂ કર્યું છે.

મનપા દ્વારા આજવા સરોવરમાંથી સામાન્ય રીતે ગ્રેવિટી સિસ્ટમ મારફતે શહેરને પાણી પૂરું પાડવામાં આવે છે. સરોવરની સપાટી 205 ફૂટ સુધી રહે ત્યાં સુધી ગ્રેવિટીથી પૂરતા દબાણ સાથે પાણી મેળવી શકાય છે. હાલ ઉપલબ્ધ જથ્થો ગ્રેવિટી સિસ્ટમથી આગામી સાડા ત્રણથી ચાર મહિના સુધી શહેરની જરૂરિયાત પૂરી કરી શકે તેમ તંત્રનું કહેવું છે. હાલમાં આજવામાંથી દરરોજ સરેરાશ 145 MLD પાણી ઉપાડવામાં આવે છે.

સરોવરની સપાટી 205 ફૂટથી નીચે જાય અથવા ગ્રેવિટીથી મળતા પાણીના જથ્થામાં ઘટાડો થાય તો 145 MLD પુરવઠો જાળવવા પોન્ટૂન પંપિંગ સિસ્ટમનો ઉપયોગ કરાશે. મનપા પાસે 300 MLD ક્ષમતાના કુલ 10 પોન્ટૂન પંપ તૈયાર હોવાનું તંત્રએ જણાવ્યું છે. જરૂરિયાત મુજબ પંપ ચાલુ કરીને ઘટેલો જથ્થો પૂરો કરવામાં આવશે.

તંત્રના જણાવ્યા મુજબ, હાલની સ્થિતિમાં આગામી પાંચથી છ મહિના સુધી પાણીની મોટી સમસ્યા સર્જાવાની શક્યતા નથી. જોકે, જળસપાટી અને હવામાનની સ્થિતિ પર સતત નજર રાખીને જરૂરિયાત મુજબ નિર્ણય લેવામાં આવશે. સાથે જ શહેરની દૈનિક પાણીની જરૂરિયાત, સરોવરના જથ્થા અને પંપિંગ વ્યવસ્થાની સ્થિતિની નિયમિત સમીક્ષા કરવામાં આવશે. જરૂરિયાત ઊભી થાય તો તાત્કાલિક વૈકલ્પિક વ્યવસ્થા અમલમાં મૂકવાની પણ તૈયારી રાખવામાં આવી છે.

### ડેમની સપાટી પર તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે

## આજે મુખ્યમંત્રી માઁ નર્મદાના નીરના વધામણાં કરશે : ડેમમાં ૧૦૦ ટકા જળસંગ્રહ કરાશે

**ઉપરવાસમાંથી** ૪૯,૭૧૮ ક્યુસેક પાણીની આવક, કેનાલ હેડ પાવર હાઉસના 3 ટર્બાઇન ચાલુ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

નર્મદા ડેમ હવે સંપૂર્ણ ભરાવાથી માત્ર 1 સેન્ટિમીટર દૂર છે. ડેમની હાલની જળ સપાટી 138.67 મીટર પર પહોંચી ગઈ છે, જ્યારે ડેમની મહત્તમ જળ સપાટી 138.68 મીટર છે. એટલે ડેમ લગભગ સંપૂર્ણ ભરાઈ ગયો છે. ત્યારે, બુધવારે મા નર્મદાના નીરના વધામણાં મુખ્યમંત્રીના હસ્તે સાંજે 4 કલાકે કરવામાં આવનારા છે. જેની તૈયારીઓ તેજ ચાલી રહી છે.

જીવાદોરી સમાન નર્મદા ડેમમાં હાલ 99.90 ટકા પાણીનો સંગ્રહ થયો છે. ડેમમાં હાલમાં 5,734.24 MCM લાઈવ સ્ટોરેજ પાણી ઉપલબ્ધ હોવાનું સામે આવ્યું છે. ડેમની જળ સપાટી સતત વધી રહી હોવાથી સંપૂર્ણ સપાટી સુધી પહોંચવાની આતુરતા વચ્ચે ગુજરાતમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. નર્મદા ડેમના ઉપરવાસમાંથી સતત પાણીની આવક થઈ રહી છે.

હાલ ડેમમાં 49,718 ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે. પાણીની આવક અને ડેમની વર્તમાન સપાટીને જોતા ડેમ સંપૂર્ણ ભરાવાની સ્થિતિની નજીક પહોંચી ગયો છે. જળસપાટી પર તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે. ડેમમાંથી પાણીના વ્યવસ્થાપન સાથે વીજ ઉત્પાદનની કામગીરી પણ ચાલુ છે. હાલમાં કેનાલ હેડ પાવર હાઉસના 3 ટર્બાઈન કાર્યરત છે. નર્મદા ડેમની જળસપાટી વધતા સિંચાઈ, પીવાના પાણી અને વીજ ઉત્પાદન સહિતના વિવિધ ક્ષેત્રો માટે પણ આ સ્થિતિ મહત્વપૂર્ણ બની છે. નર્મદા ડેમ સંપૂર્ણ ભરાવાની નજીક પહોંચતા આજે મુખ્યમંત્રી દ્વારા મા નર્મદાના વધામણાં કરવામાં આવશે. ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે અને હાલ જળસપાટી 138.67 મીટરે પહોંચી છે. હવે ડેમ સંપૂર્ણ ભરાય ત્યારે ગુજરાત માટે આ ક્ષણ મહત્વપૂર્ણ બની રહેશે.

નર્મદા ડેમ ગુજરાતની પાણી વ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હાલ ડેમમાં 99.90 ટકા જળસંગ્રહ થતાં સંપૂર્ણ ભરાવાથી માત્ર એક સેન્ટિમીટરનું અંતર રહ્યું છે. ઉપરવાસમાંથી પાણીની આવક યથાવત્ રહેતા ડેમની જળસપાટી અંગે તંત્ર દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.

### ઓલા-ઉબેર વિવાદમાં સરકારની મધ્યસ્થી

## ખાનગી વાહનોના કોમર્શિયલ ઉપયોગ સામે કાર્યવાહી કરાશે

**૨૦ દિવસમાં** ભાડા નક્કી કરવા કમિટી બનશે, ખાતરી મળતા યુનિયનોએ આંદોલન સમેટ્યું

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

રાજ્યમાં પ્રાઈવેટ નંબર એટલે કે વ્હાઈટ નંબર પ્લેટ ધરાવતા વાહનોનો કોમર્શિયલ ઉપયોગ કરી રહેલા ચાલકો સામે આરટીઓ દ્વારા કડક ઝુંબેશ શરૂ કરવામાં આવશે. બીજી તરફ ઓલા, ઉબેર અને રેપિડો જેવી એપ આધારિત કેબ કંપનીઓ સામે ચાલી રહેલા ઓટો-રીક્ષા અને ટેક્સી ચાલકોના વિરોધનો અંત આવ્યો છે.

ગુજરાત સરકારે ડ્રાઈવર યુનિયનની મુખ્ય માંગણીઓ સ્વીકારવાની ખાતરી આપતા યુનિયનોએ પોતાનું આંદોલન પાછું ખેંચ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, એપ આધારિત કંપનીઓના ભાડા અને કમિશનના વિવાદને લઈને ડ્રાઈવરોમાં ભારે રોષ હતો. પ્રથમ તબક્કાની વાટાઘાટો નિષ્ફળ જતા મોટી સંખ્યામાં ડ્રાઈવરોએ ગાંધીનગર ખાતે વિરોધ પ્રદર્શન અને ધરણા કર્યા હતા. આ મામલે ગાંધીનગરમાં ટ્રાન્સપોર્ટ કમિશનરની અધ્યક્ષતામાં મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ઓટો-રીક્ષા અને ટેક્સી યુનિયનના પ્રતિનિધિઓ, ઓલા-ઉબેર જેવા કેબ એગ્રીગેટર્સ અને આરટીઓના અધિકારીઓ હાજર રહ્યા હતા. બેઠકમાં નિર્ણય લેવાયો છે કે, ટેક્સીના ભાડા નક્કી કરવા માટે આગામી 20 દિવસમાં એક કમિટીની રચના કરવામાં આવશે. સાથે જ ખાનગી વાહનોનો વ્યવસાયિક ઉપયોગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની પણ ખાતરી અપાઈ છે. સરકાર તરફથી સકારાત્મક બાંહેધરી મળતા ડ્રાઈવરોએ હાલ પૂરતું આંદોલન સમેટી લીધું છે.

### થાર સાથે દારૂ અને રોકડ મળી રૂ.૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત

## દારૂની હેરાફેરી કરનાર શખ્સને પોલીસ સાથે દાદાગીરી કરવી પડી ભારે, કારમાંથી દારૂનો જથ્થો અને રોકડ મળી આવ્યા

**ગોલ્ડન** ચોકડી પર ચેકિંગ દરમિયાન હરણી પોલીસની કાર્યવાહી



(પ્રતિનિધિ) વડોદરા તા.29


ગોલ્ડન ચોકડી પાસે ટ્રાફિક પોલીસ સાથે દાદાગીરી કરવી મધ્યપ્રદેશના ઈસમને ભારે પડી હતી. વાહન ચેકિંગ દરમિયાન થાર ચાલકે પોલીસ સાથે ઉગ્ર વર્તન કરતાં ટ્રાફિક પોલીસે હરણી પોલીસને જાણ કરી હતી. હરણી પોલીસ સ્થળ પર પહોંચી થારની તપાસ કરતાં દારૂનો જથ્થો, લાખોની રોકડ અને ત્રણ મોબાઈલ મળી આવ્યા હતા. પોલીસે આરોપી આશિષ અશોક પરમારને ઝડપી પાડી વિદેશી દારૂ કાર 3 મોબાઈલ અને રોકડ રકમ મળી રૂ.18 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

વડોદરા શહેરની ગોલ્ડન ચોકડી પાસે ટ્રાફિક પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી. દરમિયાન થાર કારને રોકી તપાસ કરતાં ચાલક આશિષ અશોક પરમારે ટ્રાફિક પોલીસ સાથે દાદાગીરી કરી હોવાનું સામે આવ્યું હતું. જેથી ટ્રાફિક પોલીસે હરણી પોલીસને જાણ કરી હતી. હરણી પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

પોલીસે થાર કારની તપાસ કરતાં અલગ-અલગ બ્રાન્ડનો દારૂ મળી આવ્યો હતો. તપાસ દરમિયાન રૂ.88 હજારનો દારૂ, રૂ.5.04 લાખની રોકડ, રૂ.2.10 લાખની કિંમતના ત્રણ મોબાઈલ અને રૂ.10 લાખની થાર કાર મળી રૂ.18 લાખનો મુદ્દામાલ કબજે કરી આશિષ પરમારની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં હવે દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો, કોને પહોંચાડવાનો હતો અને આ પ્રકરણમાં અન્ય કોઈ વ્યક્તિ સંડોવાયેલી છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

### એલસીબી ઝોન 4ની ટીમે દારૂ-બિયરનો જથ્થો ભરેલી કાર સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

શહેર એલસીબી ઝોન-4ની ટીમે બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા સફેદવુડાના મકાન ખાતે દરોડો પાડી કારમાંથી દારૂ-બિયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે અજય અમરા દેસાઈ (ઉં.30)ને ઝડપી પાડી તેની સ્વીફ્ટ ડિઝાયર કારમાંથી 288 ક્વાર્ટર, 35 બોટલ તથા 24 બિયર ટીન મળી રૂ.1.13 લાખનો દારૂ-બિયરનો જથ્થો કબજે કર્યો હતો. આ ઉપરાંત રૂ.2.50 લાખની કાર અને રૂ.3 હજારનો મોબાઇલ મળી રૂ.3.36 લાખનો મુદ્દામાલ કબજે કરાયો હતો. દારૂનો જથ્થો મોકલનાર મેહુલને પોલીસે વોન્ટેડ જાહેર કરી બાપોદ પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.



## વિસર્જનમાં જાહેરમાં બખેડો કરનાર ડીજે સંચાલકો સહિત ૬ સામે ગુનો દાખલ

**અવાજ** ધીમો કરવા મુદ્દે બંને મંડળના સંચાલકો વચ્ચે ઝઘડો કરતા હોવાનો વીડિયો વાયરલ થયો હોય પોલીસની કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરામાં ગણપતિ વિસર્જન દરમિયાન માર્કેટ ચાર રસ્તા ખાતે બે ગણપતિ મંડળના ડીજે સામસામે આવી જતા અવાજ ધીમો કરવા મુદ્દે બન્ને પક્ષ વચ્ચે બોલાચાલી બાદ બખેડો થયો હતો. જાહેર રસ્તા પર થયેલા આ બખેડાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં નવાપુરા પોલીસે બંને ડીજેના સંચાલકો સહિત છ વ્યક્તિઓ સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગણપતિ વિસર્જનના અંતિમ દિવસે માર્કેટ ચાર રસ્તા ખાતે નવજાગૃત યુવક મંડળનો ગણપતિ માં મેલડી ડીજે સાઉન્ડ સાથે અને ગુરુદત્ત યુવક મંડળનો ગણપતિ હિર ડીજે સાઉન્ડ સાથે એક જ સમયે પહોંચ્યો હતો. બંને ડીજેના અવાજને ધીમો કરવા બાબતે સંચાલકો અને તેમની સાથે આવેલા માણસો વચ્ચે સામસામે બોલાચાલી થઈ હતી અને મામલો બખેડા સુધી પહોંચ્યો હતો. બંને જૂથના લોકો સામસામે બોલાચાલી ઝઘડો કરવા લાગ્યા હતા ઘટનાની જાણ થતાં ફરજ પર હાજર નવાપુરા પોલીસ સ્ટેશનના લોકરક્ષક પ્રવીણભાઈ નાથાભાઈ સહિતના પોલીસ કર્મચારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને બંને પક્ષને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. બાદમાં ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પોલીસે બંને ડીજે સંચાલકોને પોલીસ સ્ટેશન બોલાવી પૂછપરછ કરી હતી.

પોલીસની પૂછપરછમાં માં મેલડી ડીજે સાઉન્ડના જૈમીનકુમાર કનુભાઈ વાઘેલા, દિલીપભાઈ પુજાભાઈ માળી અને ભરતભાઈ મહેશભાઈ વાઘેલા તેમજ હિર ડીજે સાઉન્ડના સમર્થ ભુપેન્દ્રભાઈ કંસારા, ધ્રુવ મહેશભાઈ પંડ્યા અને ફેજલ ગુલામભાઈ પટેલના નામ સામે આવ્યા હતા.

### ક્રેન સંચાલકો પાસેથી પણ ઉઘરાણીની ચર્ચા

## માંજલપુર કૃત્રિમ તળાવ પર નાણાંની વસૂલાતનો હોબાળો સબ ફાયર ઓફિસર સહિત બે સામે શિક્ષાત્મક પગલાં

**બદલી** બાદ હવે કડક તપાસ અને આકરા પગલાં લેવાશે?

(પ્રતિનિધિ) વડોદરા તા.29

વડોદરામાં તાજેતરમાં સંપન્ન થયેલા ગણેશ વિસર્જન દરમિયાન મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના કર્મચારીઓની શંકાસ્પદ ભૂમિકા સામે આવતા ભારે ખળભળાટ મચી ગયો છે. માંજલપુર સ્થિત કૃત્રિમ તળાવ ખાતે ગણેશ વિસર્જન માટે આવેલા નાગરિકો અને શ્રદ્ધાળુઓ પાસેથી ફાયર બ્રિગેડના કર્મચારીઓએ પોતાના અંગત ઈ-વોલેટ અને ક્યુઆર કોડ મારફતે ઓનલાઈન નાણાં ઉઘરાવ્યા હોવાના ગંભીર આક્ષેપો થયા છે.

આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે વિસર્જન કામગીરીમાં જોડાયેલા સ્થાનિક તરવૈયાઓ વચ્ચે નાણાંના હિસાબ અને વહેંચણી બાબતે તીવ્ર માથાકૂટ થઈ હતી. આ વિવાદ વધતાં બદામડી બાગ સ્થિત ફાયર બ્રિગેડના મુખ્ય કંટ્રોલરૂમ ખાતે તરવૈયાઓએ ભારે હોબાળો મચાવ્યો હતો, જેના પરિણામે સમગ્ર ઉઘરાણી પ્રકરણ સપાટી પર આવ્યું હતું.

પ્રાથમિક માહિતી અનુસાર, આ ગે રરીતિમાં જીઆઈડીસી ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર દીપક રાઠવા અને ફાયરમેન રાહુલ પઢિયારની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. આક્ષેપોની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા બંને કર્મચારીઓની તાત્કાલિક ધોરણે દરજીપુરા ખાતેના ઈઆરસી (ERC) ફાયર સ્ટેશનમાં બદલી કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, મહાનગરપાલિકા દ્વારા ગણેશ વિસર્જનની સેવાઓ સંપૂર્ણપણે વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે અને કોઈ પણ પ્રકારના નાણાં ન ચૂકવવા અંગેનો સ્પષ્ટ પરિપત્ર પણ જાહેર કરવામાં આવ્યો હતો. આમ છતાં, કાયમી કર્મચારીઓ દ્વારા જ અનધિકૃત રીતે ઓનલાઈન નાણાં વસૂલવામાં આવ્યા હોવાના અહેવાલોથી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઉપરાંત, વિસર્જન સ્થળે ક્રેન પૂરી પાડનારા સંચાલકો પાસે પણ નાણાંની માગણી કરાઈ હોવાની ચર્ચાઓ ચાલી રહી છે. હાલ તો બંને કર્મચારીઓની તાત્કાલિક બદલી કરીને મામલો થાળે પાડવાનો પ્રયાસ કરાયો છે, પરંતુ ઉચ્ચ કક્ષાએથી નિષ્પક્ષ તપાસ કરી દોષિતો સામે આકરા પગલાં લેવાય છે કે કેમ તેના પર સૌની નજર ટકેલી છે.

## દુષ્કર્મ ગુજારી સગીરાને ગર્ભવતી બનાવનાર આરોપીને ૨૦ વર્ષની કેદ

**આજવા** રોડ પર રહેતા આરોપીને રૂ.૫૦ હજાર ઉપરાંતનો દંડ, પીડિતાને રૂ.૧.૫૦ લાખ વળતર ચૂકવવાનો હુકમ

(પ્રતિનિધિ) વડોદરા તા.29

આજવા રોડ ઉપર રહેતા આરોપીએ 17 વર્ષીય સગીરાને લગ્ન કરવાની લાલચ આપી વારંવાર શરીર સંબંધ બાંધ્યા બાદ ગર્ભવતી બનાવી હતી. જેની સુનાવણી યોજાતા બાપોદ પોલીસ મથકના પોક્સો કેસમાં ખાસ પોક્સો અદાલતે આરોપી રાહુલ વિનોદ માછીને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કેસમાં સગીરાની ઉંમરના દસ્તાવેજો ઉપરાંત તબીબી અને DNA સહિતના વૈજ્ઞાનિક પુરાવાઓ પણ મહત્વના સાબિત થયા હતા. કોર્ટે આરોપીને દંડ ફટકારવા સાથે ભોગ બનનારને 1.50 લાખ વળતર ચૂકવવા માટેનો પણ હુકમ કર્યો છે.

વડોદરા શહેરના આજવા રોડ ઉપર રહેતા આરોપી રાહુલ વિનોદ માછીએ 17 વર્ષની સગીરાને પ્રેમ જાળમાં ફસાવ્યા બાદ તેની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધીને જેને ગર્ભવતી બનાવી દીધી હતી. ત્યારે આ સમગ્ર કેસની સુનાવણી યોજાતા બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સ્પેશિયલ પોક્સો કેસમાં ત્રીજા એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજની ખાસ પોક્સો અદાલતે આરોપી રાહુલ વિનોદભાઈ માછીને સગીરા સાથે દુષ્કર્મના ગુનામાં કસૂરવાર ઠેરવી સજા સંભળાવી છે. જાન્યુઆરી 2024થી 31 ઓક્ટોબર 2024 દરમિયાન આરોપીએ સગીરાને પોતાના તેમજ મિત્રના ઘરે બોલાવી લગ્ન કરવાની લાલચ આપી વારંવાર શરીર સંબંધ બાંધ્યા હતા. જેના પગલે સગીરા ગર્ભવતી બની હતી.

### લઘુત્તમ વેતન, સમયસર પગાર અને સલામતીના સાધનો આપવા માંગ

## વોટર વર્ક્સ ઓપરેટરોની પડતર માંગોને લઈને સીઆઈટીયુની DDOને રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાની વિવિધ ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા વોટર વર્ક્સ ઓપરેટરોની પડતર માંગો મુદ્દે આજે સેન્ટર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.

સેન્ટર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયનના નેજા હેઠળ મોટી સંખ્યામાં ઓપરેટરો જિલ્લા પંચાયત કચેરી ખાતે પહોંચ્યા હતા અને સૂત્રોચ્ચાર સાથે પોતાની માંગો રજૂ કરી હતી. આગેવાનોના જણાવ્યા મુજબ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ઓપરેટરો છેલ્લા ઘણા વર્ષોથી ગ્રામ પંચાયતના પાણી પુરવઠા વિભાગમાં ફરજ બજાવે છે. છતાં સરકાર નિર્ધારિત લઘુત્તમ વેતન મુજબ પગાર મળતો



ન હોવાનો આક્ષેપ કરાયો છે. હાલમાં ઓપરેટરોને માત્ર 6 થી 8 હજાર રૂપિયા જેટલું વેતન ચૂકવાય છે, તે પણ 3 થી 6 મહિનાના વિલંબ બાદ મળે છે. વધુમાં રજૂઆતમાં કહેવાયું છે કે, પાણી પુરવઠાની કામગીરી દરમિયાન વીજળીના સાધનો અને થ્રી-ફેઝ લાઈન સાથે કામ કરવું પડતું હોવાથી જીવનું જોખમ રહે છે. તેથી કાર્યસ્થળ પર સલામતીના જરૂરી સાધનો અને વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે. આ પ્રસંગે સીઆઈટીયુ દ્વારા ઓપરેટરોને કાયદેસર લઘુત્તમ વેતન, દર મહિને સમયસર પગાર, નોકરીની સુરક્ષા અને કામ દરમિયાન સલામતીના સાધનો ફરજિયાત આપવાની માંગ કરવામાં આવી હતી.